# સાટું

અજવાળિયામાંથી સૂરજનું કિરણ હજુ તો માંડ ઘરમાં પ્રવેશ્યું હતું; અને ડેલાના આંગણામાં કંકાસ શરૂ થઈ ગયો. મોટી વહુ બોઘરો લઈને આંગણું વાળતી હતી અને બડબડ કરતી જતી હતી. નાની હજુ તો મેડીએથી નીચે ઊતરી નહોતી. સાસુ માણેકબા ઊઠીને છીંકણી લઈને ઓસરીની જેહ ઉપર બેઠાં હતાં. મોટી જેમ જેમ બોઘરો ફેરવતી જાય એમ એમ વધારે ને વધારે ધૂળ ઉડાડતી હતી. મોટી વહુની કેટલીક હરકતોથી માણેકબા વાકેફ જ હતાં.

આ મોટી વહુની ટેવ હતી. જ્યારે પણ એને કંઈક પેટમાં દુઃખે ત્યારે એ સાસુનું ધ્યાન ખેંચવાનો કોઈક ને કોઈક પ્રયત્ન કરે. સાસુ ઘરની બહાર નીકળે તો અવળી ફરીને છીંક પણ ખાઈ લે. સવાર સવારમાં એની સાસુ છીંકણી તાણતાં હોય ત્યારે જ એમની સામે બોઘરો ફેરવીને ધૂળ ઉડાડે. આજે પણ એ જ પ્રમાણે ધૂળ ઊડતી જતી હતી. મોટી આમ તો બીજાના દેખતાં સાસુની ખૂબ આમન્યા રાખે; પણ ગઈ કાલ સાંજની ચડભડે એનું મન આજે ખિન્ન હતું અને એ બધી દાઝ બોઘરા ઉપર કાઢતી હતી.

“ધેમે ઉડાડો, હમણાં જ હોકળી ડોશી જોડ ચરામાંથી સેગતરા[1] મંગાઈને બોઘરો બાંધ્યો સ. ઓમ ને ઓમ જોર કાઢશો તો ચેટલા દાડા ટકશે? પસ, તમે જાહો ચરામાં સેગતરા વેણવા?”

“હુવ, આ સેગતરાય મુ જ વેણી આઈ‘તી. અન ખબર તો સ. તોય શું કોમ મન બોલાવો સો?”

---

*1 સેગતરા - એક પ્રકારનું જંગલી ઘાસ જેમાંથી દેશી સાવરણો બને.*

"તે તમે લાયાં'તાં? હોકળી ડોશી વિના કોમમાં ડગલુંય ભરાતું તો નથ અને પાછાં જુઓ ન, નવાઈ કરો છો તે તમે?"

"નવાઈ તો અમે કોંય કરતાં નથ. તમારાં પેલાં મેડીએથી નેચ નથ ઊતર્યા એ નવાઈ નથ લાગતી તમોન?"

"હાય હાય... જુઓ તો બાઈ, આ મોટી ચોં ચોં નજર રાખ સ.." માણેકે ચપટી છીંકણી નાક પર અડાડી જોરથી નાક ખેંચ્યું.

મોટી વહુને બે દીકરા હતા. એક બારમામાં ભણતો હતો અને બીજો કૉલેજના પહેલા વર્ષમાં હતો. નાનીને ત્રણ બાળકો હતાં. હજુ ઊછરતાં હતાં. એને વરસ ફેરની બે મોટી દીકરીઓ હતી; એક દસ વર્ષની અને બીજી અગિયારની હતી. ભણવામાં ખૂબ હોશિયાર હતી. એક નાનો દીકરો. હજુ એ માંડ ચાર વર્ષનો હતો, પણ મોટી વહુની નજર એની બે મોટી દીકરીઓ ઉપર હતી. એને એના બંને દીકરાઓને એ છોકરીઓના સાટામાં જલદી વેંટી દેવાની ઉતાવળ હતી. એના મતે એના બેય દીકરા સગાઈ કરવા જેવડા મોટા થઈ ગયા હતા અને ક્યાંયથી કન્યાઓનો મેળ પડતો નહોતો. આ મુદ્દાને લઈને મોટી અને નાની બંને ગઈ કાલે સાંજે બરાબરની બાઝી હતી. અધિક માસ હતો એટલે સાંજ પડ્યે સાસુ કથા સાંભળવા મઠમાં ગયાં હતાં.

સાસુની ગેરહાજરીમાં ઓસરીમાં કામ કરતી નાનીને એકલી જોઈને મોટી વહુ એની પાસે જઈને પ્રેમથી બેઠી. નાની થાળીમાં નીચી નજર રાખીને મગમાંથી કાંકરા વીણી રહી હતી. મોટીએ હસીને એના હાથમાંથી થાળી ખેંચી અને પોતે મગમાંથી કાંકરા વીણવા લાગી. એ લાગ જોઈને નાની ફટાક ઊભી થઈ ગઈ. એ ઘરમાં જતી જ હતી ત્યાં મોટીએ કાકલુદી કરતા એને રોકી.

"એ હાંભળને..."

નાની ઊભી રહી ગઈ. માથે સાડલો ખેંચી પાછું ફરીને જેઠાણી સામે એ પ્રશ્નાર્થ સાથે તાકી.

મોટીનો હાથ થાળીમાં વેરાયેલા મગમાં ફરતો હતો, ફરતો હતો એટલે કે, માત્ર ફરતો જ હતો. એના હાથમાં કોઈ કાંકરા નહોતા આવતા. પણ એની નજર પાસે જ ઊભેલી નાનીના ગોરા પગ અને એ પગમાં શોભતી

સોનાની માછલીઓ પર સ્થિર થઈ ગઈ હતી. નાનીએ જોયું. એ જોઈને નાનીએ એના પગની એક પાની ભોંય પર થપથપાવી, એટલે હાથમાં મગના દાણા રમાડતી મોટીએ પકડાઈ ગયાના ભાવ સાથે નાની સામે ઊંચું જોયું. નાની કમર પર હાથ રાખીને જેઠાણી સામે ધારીને જોઈ રહી.

"હ..." ઠાવકાઈથી નાનીએ ઉત્તર વાળ્યો. મોટી તરત જ મૂળ મુદ્દા પર આવી ગઈ. "જો ન... હવ મારા બેય મોટા થયા સ ન ચોય મેળ નથ પડતો..."

"તો?"

"તું હમજ ન બાઈ."

"શું હમજુ? તમે મગનું નામ પાડો તો ખબર પડેને; હમજવાની!"

"અલી, મન શું, બોલાવ સ... તન ખબર તો સ... હાટાનું કો'ક વિચારને."

"એકની એક વાતનો તંતુ તમે મેલતાં જ નથી."

ફરીથી કાકલુદીના સ્વરમાં મોટી બોલી, "પણ જો ન બુન, તાર તો હજુ ખૂબ વાર સ. એટલે તન હાથ જોડું છું, તારી છોડીઓનું હાટું મન આલ તો મારા બેય ઠેકોણે પડ..."

"હાટું? પસ મુ શું કરું?" આંખો ઉલાળતાં નાનીએ પોતાની ચિંતા વ્યક્તિ કરી.

"તાર શું કરવાનું સ? તાર તો હજુ વાર સ ન બુન!"

પાડોશમાં લાભુમાના કાને માણેકની વહુઓની ચણભણ પડી. એ ઊભાં થયાં અને એમના ઘરની ઓસરીની જેહ પર એ રીતે આવીને બેઠાં કે જેથી બધી વાતો એમને ચોખ્ખી સંભળાય. ચોકમાં છોકરાં રમતાં હતાં એના અવાજમાં પાડોશીની બધી વાતો નહોતી સંભળાતી તો પણ એમના કાન તો એ બાજુ મંડાયેલા હતા.

નાનીએ જેઠાણીની વાતને ભાવ ના આપ્યો. એને કહ્યું, "ભલ ન રહી વાર. મુ તો હાચવીને રાખ્યોય બેય હાટાં, મારા નેનકા માટે."

"અર ભલી થાય તારી બુન; તાર'તો એક સ 'ને નેનો સ હજુ...!"

"ભલે..."

"તે તું છોડીઓને ચો હુધી કુંવારી રાખે?" હક દાખવતી હોય એમ મોટી બોલી.

"એ તો માર જોવાનું સ. તમાર શું?" કોરી આંખો સાથે નાનીએ ઉત્તર વાળ્યો.

"કહું સુ; લે હેડ બેની વાત છોડ! હાલ એક આલ. પસ બીજીનું જોયું જાહ."

"ના રે, કાલ માર બીજું આવ તો! માર ચો હોધવા જાવું એના માટ?"

"ચમ, તારે વળી બીજું શું આવવાનું સ?" મોટીએ આ વાતે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

"એ કેતા'તા, બે દીકરા હોય તો હારા!"

"શું?" મોટીની આંખો પહોળી થઈ ગઈ.

"હુવ. મારીય ઇચ્છા સ બીજાની, હજુ."

"જોતી નથ મારી શું હાલત સ બે પાળ્યા સ તે." મોટી ઉશ્કેરાણી.

"એ તો તમાર પેલા વિચારવું'તું ન?"

"શું વિચારવાનું હતું માર?" નાનીના શબ્દોનો ઘા મોટીને બરાબરનો વાગ્યો.

"મુ બે દા'ડા પહેલાં ગઈ'તી દવાખોને..."

"ચમ?" મોટીની આંખો ચાર થઈ ગઈ.

"આ ફૅમિલી પ્લોનિંગ ચેવી રીતે થાય એ હમજવા. ઈ પેલાં શાંતાબુન નર્સ મળ્યા'તાં."

"હા, પણ તુ ચમ જઈ'તી દવાખોન?" દબાતા અવાજે મોટીએ વાતને વાળવાનો પ્રયત્ન કર્યો.

"કીધું તો ખરું, પ્લોનિંગ માટ. શાંતાબુન વાત કરતાં ક..."

"શું વાત કરતી એ?"

“એ ક... તારી જેઠોણી પૈણીન આઈ એ જ વરહમાં બે વાર પડાયું’તું.” મોટીએ વાત સાંભળતાં જ કપાળે હાથ મૂક્યો. બોલી; “હાય... હાય... આટલાં વરહ પસ એ દાક્તરોણી[2] આવી વાત કર સ?”

“બેય વાર લક્ષ્મીઓ જ હતી.” નાની શાંતિથી જેઠાણીને નવી નવી વાચો કરીને ભીંસમાં લઈ રહી હતી.

આ વાત ઉપર તો જેઠાણી એની દેરાણી પર ઊકળી. “નોંના-મોટાની આમન્યા જ નથ રાખતી આજકાલની નવીનવાઈ ન આઈ સ તે. અન તાર શું જોવાનું, મારે જે કરવું હોય એ કરું...”

“કરો ન, મારે શું? પણ, તમે જ વિચારો. દવા ના ખાધી હોત તો આજે તમારા બેય વેંટાઈ જ્યાં હોત ને!?” વેધક સવાલે મોટીને દુઃખી કરી નાખી. “હા, ખાધી’તી દવા. બે વાર ખાધી’તી, બોલ. આઈ મોટી સલાહવાળી. તન ખબર શું સ આ ઘરની; મુ આઈ તાણ શું દશા હતી એ?”

“એમ, શું દશા હતી?”

“જઈ ન તારા ઘરવાળા ન પૂશ. શું દશા હતી એ. ભણવાના પૈસાય ન’તા.”

“પણ તમે પસ રાહ તો ના જોઈ ન! તરત લાયાં બે ઉપરાછાપરી, દીકરા!”

નાની કોઈ વાતે કેડો મૂકે એમ નહોતી અને મોટી પાસે એનો જવાબ નહોતો. એ ખૂબ ઉશ્કેરાઈ. બબડવા લાગી. થાળી પછાડી. વીણેલા મગમાં કાંકરાય નાખી દીધા. એ પગ પછાડતી ગઈ રસોડામાં, એ ધમધમ ચાલી ત્યાં ઠોકરે મગ વેરાઈ ગયા. હજુ તો સંધ્યા થવામાં જ હતી અને આંગણામાં આવીને ચોકડીમાં પગ ધોતા ધણીને જોઈને એનેય તુકારે લઈ લીધો. નાનીને તો બરાબરની ધમકાવી જ નાખી. નાની આ બધું શાંત મગજે સાંભળી રહી અને જોઈ પણ રહી.

બાજુના ઘેરથી લાભુમાએ આખી રામાયણ કાન માંડીને સાંભળી; પછી ‘શું જમાનો આયો સ’ કહીને ઊભાં થઈ ઘરમાં કામે લાગ્યાં.

---

*2 દાક્તરોણી – સ્ત્રી દાક્તર*

“મારા ભાઈન ય હાટાની કમી સ. નકર તને કુણ પૂસ? ચેવો જમોનો આયો સ, ભાઈનું હિત નોનો ભાઈ ય ના જુવ તો પસ થઈ રહ્યું. અન આ ઘરવાળામાંય કશો ભલીવાર નથી, એય કશું કે’તો નથ, માવડિયો.” મોટીએ પોતાની તમામ ચિંતાઓ માટે પતિને જવાબદાર ગણી એ વાતનો વસવસો લઈને નિસહાય બની રહી.

•

મોટીના પિયરમાં ભાઈને બે દીકરા જ હતા. એ પણ એને મદદ કરી શકે એમ નથી એવું સમજીને એણે દેરાણીને અનેક વાર સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો.

આજે કહ્યું, પણ નાનીને એ મનાવી ન શકી. એને પણ ક્યારેક લાગતું હતું, કે નાની ખરું તો વિચારે છે, છોકરાઓની ઉંમર જોવી પડે ને, સંસારમાં વેંટતાં પહેલાં. આવું વિચારતી દેરાણીને સમજાવવામાં જેઠાણી આજેય નિષ્ફળ ગઈ અને ગુસ્સામાં ને ગુસ્સામાં કંટાળીને એ મોહલ્યા ઘરમાં જઈને સીડી નીચે આડી પડી. આમ તો સંધ્યા થવા આવી હતી છતાંય એ માથે સાડલો ખેંચીને સૂઈ ગઈ.

દિમાગમાં ભારે ઘમાસાણ ચાલી રહ્યું હતું એના; “બંદી ભણ્યાં છે એટલે, હાથમાં નથી આવતાં. બળ્યું, મુય ભણી હોત તો હારુ? એન મોન્યે જ સૂટકો હોત.”

દેરાણીને મજા તો નહોતી આવતી હારેલી જેઠાણીને જોઈને, પણ, જમાનો હવે તો બદલાયો હતો ને; એ વિચારતી રહી કે, પોતાનું હિત જાતે જ જોવું પડે એવું છે આજે તો. જાતે નહીં વિચારીએ તો બીજું કોણ વિચારે આપણું હિત? આપણા સમયમાં જે થયું એ ખરું. હવે તો સમજવાનું કે નહીં?

•

કથા પૂર્ણાહૂતિ તરફ હતી. છેલ્લે મહારાજ બોધ આપતા જતા હતા અને પોથીને લાલ કપડામાં વીંટતા પણ જતા હતા. એમણે પોથીને કપડામાં બાંધી

એ દરમિયાન એમની બોધ આપવાની પ્રથા ચાલુ હતી.

"જમાનો બદલાયો છે. સતયુગ તો રહ્યો નથી. ઘોર કળિયુગ ચાલે છે. એટલે સતયુગ ક્યારે પાછો આવશે એ તો ધર્મરાજા જાણે, પણ તમે બધાં કથા સાંભળવા આવો છો, એટલે સતયુગ વહેલો-મોડો આવશે એ નક્કી, પણ કાળના ગર્ભમાં શું છે એ કોણ જાણે? આ કળિયુગ લાંબો ચાલ્યો તો, કોઈ કથા સાંભળવાવાળુંય નહીં હોય અને મારા જેવો કથા કરનાર પણ નહીં હોય. એટલે કહું છું હું તો રોજ કે; કોઈ કોઈનું નથી, સગું નથી 'ને વહાલુંય નથી. બસ, ઈશ્વરની ભક્તિ કરો અને કહો એને, હાથ જોડીને કે જીવો ત્યાં સુધી કોઈના ઓશિયાળા ન રાખે. બાકી, આપણી જાતે જ હવે પોતાની જાતની મદદ કરવી પડે એવો જમાનો છે. કોઈની પાસે મદદ માટે હાથ લંબાવતાં કે બીજી કોઈ આશા રાખતાં પહેલાં આપણે આપણી જાત સામેય જોવાનું રાખવું, આપણે કોઈને મદદ કરી છે? મદદ કરી શકીએ એમ છીએ કે? જો આપણી ભાવના સારી તો જગ જીત્યા."

"હાવ સાચી વાત કીધી હોં મા'રાજ તમે." કપાળમાં મોટો સુખડનો ચાંદલો કરીને હાથમાં માળા ફેરવતાં ફેરવતાં સૂરજમાએ કહ્યું. મા'રાજે એમની સામે નજર નાખીને હળવું હાસ્ય વેર્યું અને ઊભા થયા. મઠમાંથી એક પછી એક બહેનો અને ડોસા-ડોસી, ઘરડાં ધીમે ધીમે પગથિયાં ઊતરવા લાગ્યાં.

•

કથા પૂરી થતાં ડોસાઓ ગોંદરા તકફ તથા ડોશીઓ ઘર તરફ વળી. માણેકબા પણ ઘરે આવ્યાં અને રસોડા સામે નજર નાખી તો એ જ વખતે નાની વહુએ ચૂલા પર મૂકેલી દૂણીમાં લોટો પાણી રેડ્યો. દૂરથી એને જોઈને માણેકબા સહેજ ઊંચા અવાજે બોલ્યાં, "...તે હજુ તમે આધણ નથી મૂચ્યું? અન હાય હાય, પેલાં ચોં જ્યાં મોટાં?"

"એય હુર્યાં[3] મોય..."

"દા'ડા આથમે તે કોઈ હુરતું હશે?"

---

*3 હુર્યાં – સૂઈ રહ્યા છે*

"કોક ઠીક નથી એમ કે'તોં'તાં."

ચૂલા પર દૂણી[4]માં પાણી ઊકળવામાં હતું, એટલે નાનીએ સાસુ માને માપ બતાવીને ખીચડીનું આંધણ મૂક્યું.

•

સંધ્યા ટાણે મઠમાં ગુરુના સ્થાનકે લોકો એકઠા થવા માંડ્યા. બાવજી આવીને મંદિરમાં દીવાબત્તી અને આરતીની વિધિમાં પરોવાયા. લોકો આવતા જતા હતા અને કેટલાક ગુરુની મૂર્તિ આગળ માથું ટેકવીને 'જય ગુરુમહારાજ' કહેતાં ઘંટ વગાડીને પાછા ઘર તરફ પ્રયાણ કરતા હતા.

ગણ્યાગાંઠ્યા પ્રૌઢો ઓટલા પર આવીને બેસી વાતોએ વળગ્યા. બાવજીને આરતીની તૈયારી કરતાં જોઈને ઉત્સાહી જગુ આવી ગયો અને બાવજીને મદદ કરવા લાગ્યો. બીજા યુવાનો હજુ નીચે દરવાજા આગળ જ ટોળે વળી ગપસપ કરતા હતા. આરતીની પૂરી તૈયારી થઈ રહી એટલે બાવજીએ આડી નજરે પેલા ગપસપ કરતા છોકરાઓ તરફ જોયું; અને જોરથી ગુરુમહારાજની 'જય' બોલાવી. 'જય' બોલાતાં જ છોકરાઓ દોડીને ઘંટ, ઝાલર અને નગારું વગાડવા માટે પહોંચી ગયા. પ્રૌઢો પણ ઊભા થઈને હાથ જોડતા ઊભા થઈ ગયા.

બાવજીએ આરતી પૂરી કરી ગુરુચાલીસા ગવડાવ્યા. એ દરમિયાન એક જણ આરતી અને સાથે ધૂપ લઈ બધાને ધૂપ-ગ્રહણ અને આરતીદર્શન કરાવવા લાગ્યો. લોકો એક પછી એક આરતીની થાળીમાં રૂપિયો-બે-રૂપિયા નાખી પ્રગટ આરતી પર હથેળીઓ ગરમ કરીને મોઢા પર ફેરવી પગથિયાં ઊતરતા ગયા.

પગથિયાં ઊતરી રામજી પણ જોડા પહેરતાં પહેરતાં મંદિર સામે જોઈને 'જય ગુરુદેવ' કહીને ઘર તરફ નીકળ્યો. આરતી પતાવી છોકરાઓ ઝટપટ દરવાજાના ઓટલા પર આવીને બેસી ગયા અને એકબીજાના મોબાઇલ ચાલુ કરવા લાગ્યા. રામજીએ જતાં-જતાં આ યુવાનો સામે એક નિરાશાભરી નજર નાખી અને અફસોસ વ્યક્ત કરતો એની શેરી તરફ આગળ નીકળી ગયો.

*4 દૂણી – માટીનું માટલા આકારનું વાસણ*

•

રામજી એની શેરીમાં પહોંચ્યો ત્યારે દૂરથી એના ઘરના આંગણામાં ખાટલો ઢાળેલો જોયો એટલે એને લાગ્યું કે કોઈ મહેમાન છે. ધ્યાનથી જોયું તો ખાટલા ઉપર એના મોટા ભાઈ હેમરાજ જ બેઠાં બેઠાં ઓરડા તરફ મોઢું રાખી વાતો કરતા હતા. એણે એ દૂરથી જ જોયું, ઉંબરાની અંદર એની પત્ની મેનાં અને મોટી ભાભી મોંઘી વાતો કરતાં હતાં. એ આંગણામાં પ્રવેશ્યો ત્યાં એક ખાટલામાં એની વીસીમાં પ્રવેશી ચૂકેલો હેમરાજનો દીકરો પ્રવીણ મોબાઇલમાં મોઢું ઘાલીને બેઠો હતો. એણે એના કાકા રામજી સામે નજરેય ન નાખી. રામજી મનમાં અફસોસ વ્યક્ત કરતો કરતો ઘરની ઓસરીમાં જઈ પહોંચ્યો. એનાં ભાભી મોંઘીના હાથમાં છીંકણી હતી અને વારે વારે ખાંસતાં હતાં. રામજી આંગણામાં જતાં જ ભાભી સામે જોઈ હસીને બોલ્યો, “હવે ભાભી, સેકણી ઓછી તોણતાં હો તો, આટલી ખાંસી આવ?”

રામજીની વાત સાંભળી હેમરાજે એને ખાટલા પર બેસવા ઇશારો કર્યો. રામજી આવીને બાજુમાં બેઠો; પછી હેમરાજે કહ્યું, “હું એમન ચ્યારનો એ જ કઉં સુ. કોઈ મોન તો ન.”

મેનાંએ જેઠાણીની હળવી મજાક સાથે એમનો પક્ષ લેતાં કહ્યું, “હવે જે ટેવ પડી સ એ ચેવી રીતે જાય; હાચું કે નઈ, ભાભી?”

“હા, એ સાચું. કોઈ કહે એટલે આપણ કઈં સેકણી છોડી દેવાની? એવું તે હોતું હશે?!” રામજીએ ફરીથી ભાભીની મજાક કરી.

“...અલ્યા ભાઈ, સેકણી તોણ એમાં મન કોય વાંધો નથ. ઈયોની તબિયત બગડે એમાં તકલીફ છે. જ્યાર જુઓ તાણ સેકા-સેક કરતાં હોય સી.” હેમરાજે એમની પત્નીની છીંકણી તાણવાની કુ-ટેવના કારણે એમને થતી તકલીફની નિખાલસ વાત કરી.

“હા ભાઈ, તમે હાચા. તબિયતની કાળજી તો લેવી જ પડે.” રામજીએ હસીને ભાઈનો પક્ષ લીધો.

“ભાઈ, પોતાની તબિયત હાચવે ને તોય ઘણું. આખો દા‘ડો સેતરમાં મજૂરી કરવાની, ઢોરો અને મજૂર જોડ માથાઝેક કરવાની, પસ ઓમ ઉધરસ

ખાયા કર એ ચોથી પોહાય?"

"હવે વધારે દા'ડા હેરાન નઈ થવું પડે, ઉષા આવશે એટલે બધીય બીમારીઓ જતી રહેશે." મેનાંએ ઠાવકાઈથી વાત મૂકી.

હેમરાજે મેનાંની વાતને થોડી સ્પષ્ટ કરતાં કહ્યું, "પે'લાં લગન તો થોય. તમારા હગા હળહળતા જ નથી ને."

"એવું નથ. મહિનો માસ આઘાપાસુ. લગન તો થાવાનાં જ ને!" લગનની વાત આવી એટલે મોંઘીએ ખુશ થઈને કહ્યું,

"હા, એ પઈણીને આવશે તોય એ ઈમના કે તમારા કોમમાં આવવાનાં? એ તમારું કોમ કરશે કે ભણીને નોકરી?"

મેનાંને ઉત્સાહ હતો એના જ કુટુંબમાં એની જ ભત્રીજી વહુ બનીને આવે  એનો. સાથે એને પિયર પક્ષની એક જવાબદારી એના માથે હતી, એ પણ નિભાવવાની હતી. એટલે એ બોલી, 'ઘરનું કોમ કરશે કે ચમ એ ખબર નથી, પણ એ નોકરીય કરશ અને સાસુમાની સારવારેય કરશ; મારી ભત્રીજી, દાક્તરીનું ભણ સ તે!"

રામજીએ પત્ની મેનાંની ભૂલ સુધારતાં કહ્યું, "હા, હાચું, પણ એ દાક્તરી નઈ; પીએચડી કહેવાય એને."

"ચમ, આપણા ગોમના ઘણાં છોકરાં તો દાક્તરી ભણી સી ને, તો પસ એ ચમ એવું ભણવા જ્યો સી?" મોંઘીએ સામે પ્રશ્ન કર્યો.

" લ્યો હેડો હવ, જે હોય તે. એ તો જેને જે ગમે અને ફાવે એ ભણી, પણ એક વાત કઉ, ભાભી, મારી ભત્રીજી સ હોંશિયાર. જે બીજા કરે એવું એ ના કરે, એના મનની મોજીલી સ."

મોંઘીને આ જવાબ ન ગમ્યો, એટલે એણે સાડલાનો છેડો માથેથી ખેંચી ફરીથી સરખો કર્યો, અને બીજા હાથમાં રહેલી છીંકણી જોરથી ખેંચી; ત્યાં જ એણે ફરીથી ખાંસી ખાધી. એ જ વખતે હેમરાજે નાના ભાઈ રામજીને પૂછ્યું. 'અલ્યા ભઈ, તું તારા હાળાન મળ્યો'તો કે નઈ? શું કીધું; અડસટ્ટો કઢાવી લઈએ તો પસ તૈયારી કરતાં ફાવે. અખાત્રીજનાં લગન આ વખતે ખૂબ સી ગોમમાં. મોડું થાહ તો પસ મા'રાજેય નીં મળે અને રસોઇયો નીં

મળે. પાસું, આ કાચો સંબંધ કેટલાં વરહ હાચવવો?" ધીમે રહીને એના મનમાં ચાલતી ગડમથલ વચ્ચે હેમરાજે મૂળ ચિંતા વ્યક્ત કરી.

"જુઓ, હવ તો હોમી હોળી સ. એટલે અડસટ્ટોય નીં કઢાય. હોળી જાવા દો, પસ વાત ઉખેળીએ." રામજીએ કહ્યું.

"હોમી હોળીએ મુરત નીં હોય એ વાત હાચી, પણ, આવાં કોમ તો થોય. એમાં શકન ના જોવાના હોય," મેનાંને પણ ઉતાવળ હોય એમ બોલી.

પ્રવીણ દૂર બેઠો એમની આ વાતો અવળા કાને સાંભળી રહ્યો હતો. એના ચહેરા પર ચમક આવી. ત્યાં જ બહારથી એના નામની બૂમ પડી 'ને એ ખુશ થતો ઊઠીને ચાલ્યો ગયો.

રામજીએ ઊભા થઈને ખભા પર હજૂ સુધી રહેલો ખેસ ખીંટીએ વળગાડતાં જવાબ આપ્યો, "આ ખાઈને અમે બે જણ ત્યાં જવાનાં જ છીએ, આ જ વાત કરવા."

•

ગામની શેરીઓ પર સિમેન્ટના ઊંચા થાંભલાઓ પર ઊંધા લટકતા વીજળીના ગોળાઓનો પ્રકાશ છવાઈ ગયો હતો અને એ અજવાળામાં ગામના ચોરા પર લોકોની આવનજાવન ચાલુ હતી. જમીને ઓસરીમાં ખાટલામાં બેઠેલા મેઘજીએ પત્ની રોમાંને પૂછ્યું. રોમાં પણ જમી-પરવારી બારણામાં ઉંબરા પાસે નીચે બેઠી હતી.

"રોમજી પટેલ આવવાના હતા આજ તો; ચમ હજુ ના આયા?"

"એ આવસીં તો ય વાત તો એની એ જ કરવાના; કે' લગન કઈ લો છો."

રોમાંની વાતના જવાબમાં મેઘજીએ નિસાસો નાખતાં જવાબ વાળ્યો, 'હા, ગમે એમ પણ ક્યારેક તો લગન કરવાં પડશેને, એનેય હવે તો બાવીસમું બેહશે."

"કહું સુ તમને, કે એનું ભણવાનું પૂરું થાય; એટલી રાહ ન જોવાય?"

રોમાએ ફરીથી નવી વાત કરી.

"અરે, ભણવાનું ચોં અટકી પડવાનું સ એ બે-ચાર દા'ડામાં!" મેઘજીના મનમાં ગડમથલ તો હતી, છતાં એણે રોમાંની આ વાતનો શાંતિથી જવાબ આપ્યો. એની નજર બહાર તરફ હતી. બહાર રાતનું અંધારું હતું.

"એ કહેતી'તી એને પરીક્ષા છે. એના લીધે હમણાં હમણાં તો એ ફોન ઉપરેય વધારે વાત નથી કરતી.' રોમાંએ કહ્યું.

"એ સાચું; ભણતરનું તો એવું. પણ શું થાય! વહેવાર-અવસરેય ચાલતા રહે. હાચવવા તો પડેને." ચિંતાભર્યા સ્વરમાં મેઘજી બોલ્યો.

"મુ તો કઉ સુ, એનું ભણવાનું બગડ એવું તો ના ચાલે ને...!" રોમાં હજુ એની વાતને વળગી રહી હતી.

મેઘજી ઊભો થઈ ગયો અને ખીંટી પર લટકતો ખેસ લેતાં બોલ્યો, "જુઓ, તમેય એની વાતમાં ના આવતા. તમન તો ખબર સ ન; ક પેલા ચેવા ટણીવાળા સી તે." મેઘજીએ ખેસ લીધો અને વાત પૂરી કરી એટલામાં જ બહાર આંગણામાં કોઈ ખોંખારો ખાધો. મેઘજીએ ઝટ પાછું ફરીને જોયું. એ રામજી પટેલ જ હતા, એમની પાછળ મેનાં પણ હતી, પણ એ થોડાં દૂર હતાં એટલે એને થયું, "હાશ, વાત સાંભળી નથી એમણે."

મેઘજીએ સ્વસ્થ થતાં દૂરથી જ આવકારો આપ્યો; "એ આવો... રામજી પટેલ... આવો." મેનાં નજીક આવી એટલે એને પણ મેઘજીએ આવકારી.

મેઘજીને મનમાં થયું, "યાદ કર્યા 'ને આવ્યા."

રામજીએ પણ ઉમળકાથી જવાબ આપ્યો; "હા. ભાઈ; આ આયા. તમે મજામાં છો ને?"

"મજામાં જ તે વળી ચેવા! આ રહ્યા એવા. તે આટલું કેમ મોડું કર્યું આવવામાં?" મેઘજીઓ ઔપચારિક સવાલ કર્યો.

રામજીએ ઠાવકાઈથી વાત કરી, "કંઈનુંય આવવું'તું; પણ, આ તમારી બેન કહે કે, વાળુ કરીને જ જઈએ."

"હા, એ હાચું, ભાઈના ઘેર વાળુ તે કરાતું હશે, વ્હા હગા વ્હા. બસ

આવું? ચમ, ઓય વાળુ ના થાત?" મેઘજી હજુ એમને બીજી વાતોમાં પરોવી રાખવાનો પ્રયત્ન કરતો હતો.

મેઘજીની વાત સાંભળી રામજી મોટેથી ખડખડાટ હસી પડ્યો અને તરત જ મેઘજીએ ઇશારો કરતાં ખાટલામાં ઓશીકાના ભાગે જઈને બેઠો; બાજુમાં મેઘજી પણ બેઠો.

રોમાંએ મેનાંને આવકાર આપ્યો. ઓસરીમાં ઊભો બીજો ખાટલો ઢાળીને બંને જણ ઓસરીમાં જ સામે બેઠાં. તરત રોમાં ઊભી થઈ અને ઘરમાં જઈને પીવાનું પાણી લઈ આવી. આમ જુઓ તો એના ચહેરા પર સહેજ ચિંતા પથરાયેલી હતી, પણ આજે ખુશ દેખાવાનો સમય હતો એમ એને લાગ્યું. મહેમાનોને એણે પાણી આપ્યું. પછી એ અંદર જઈ અને ચૂલા પર ચા મૂકી દીધી. ઊકળતી ચા જોઈને રોમાંના દિમાગમાં દીકરી ઉષાના જ વિચારો ચાલતા રહ્યાં. છતાં એણે ચા બે કટોરામાં ભરી અને એ લઈને બહાર આવી મહેમાનોને આપી. ચાના કટોરામાંથી એક સબડકો લેતાં જ મેનાંએ એની ભાભીને એમની પાસે બેસવા ઇશારો કર્યો. રોમાંને ઉષાના મુદ્દે દિલમાં ગભરાટ તો હતો એટલે એ ગૂંચવાતી એની બાજુમાં નીચે ઉમરા પાસે જ બેઠી. એ બેઠી એટલે મેનાંએ એના રહેરા સામે ધારીને જોયું પછી એની સામે જોઈને વાત શરૂ કરી, "તમારાં હગાં યાદ કરતાં હતાં."

"હા. સાચું. હમણાંથી મળાયુંય નથી એમન."

"ભાભી, ઉષાનાં લગનનો અડસટ્ટો કઢાવી લઈ તો? સુ સ ક મારાં જેઠાણીને તૈયારી કરતાં ફાવ; અન આ અખાત્રીજ તો આઈ ઢૂકડી; એટલે મારે એમનું હાંભળવાનું ના રહે," ગરમ ગરમ ચાનો એક મોટો સબડકો લેતાં મેનાં બોલી.

"એમાં તમને કેમ સંભળાવતાં હશે?" રોમાંએ એના મનમાં આજે ગડમથલ ચાલતી હતી એને અનુરૂપ ઝપથી એવો સવાલ કર્યો.

"એમને જ તો સંભળાવેને; ફઈબા છે." મેઘજીએ વાતને હળવી કરતાં કહ્યું.

"એટલે જ કઉ છું, ભાઈ; મારું એક કામ પતે. મારી જેઠાણી મારી પાછળ પડ્યાં છે." મેના ચિંતા વ્યક્તિ કરવા લાગી.

'હા... પણ... તમને શું કોમ કહેતાં હશે એ?" રોમાં પણ મૂળ પ્રશ્નને

ટાળવા આ વાતને લંબાવતી રહી. એણે સામો ચોખવટ કરતો ફરીથી સવાલ કર્યો.

મેનાંએ અધવચ્ચે જ એની વાત કાપી અને કહ્યું, "હું શું કઉ છું કે' એ ભલેને ભણે, એક વાર લગન થઈ જોય એટલે અમારીય જવાબદારી પૂરી, બસ."

"પણ બુન, એને હજુ તો..."

મેનાંનો અવાજ ઊંચો થયો. "જુઓ, ભાભી, હવ આ 'પણ ને બણ' નઈ ચાલે. પેલાં મારું મગજ ખાંય છે રોજ."

"હા, એ સાચું, પણ એના ભણતરનુંય જોવાનુંને. હવે આ વર્ષ નેકળી જવા દો," રોમાંએ એટલી જ સ્વસ્થતાથી વાત કરી.

મેનાંએ ફરીથી ઊંચા અવાજમાં એની ભાભી સાથે વાત કરી એટલે વાત બગડે નહીં એ આશયથી મેઘજી વચ્ચે પડ્યો. મેઘજીએ વાતને વાળતાં કહ્યું, "હા, હવે ભણવાનું તો ઠીક છે; પણ..."

"છોડીઓ ભણી ને એમાં બધું ડખે ચડ્યું છે, પહેલાં ચોં હતું આ બધું; સમાજમાં?" મેનાંએ પણ એ જ વાતને બીજી રીતે કહી.

રામજીએ વચ્ચે પડી બળાપો કાઢ્યો, "હવે, કહું છું, ભણતર ભણતરની જગ્યાએ હાચું; વાત મૂકોને તમે. આ હોળી પહેલાં અડસટ્ટો કઢાવી લઈએ. હોળાષ્ટક ઊતરે એટલે તરત જ ખરીદી ચાલુ થઈ જાય. એ એના કોમે અને આપણે આપડા કોમે."

રોમાં શાંત હતી. એણે શાંતિથી જવાબ વાળ્યો. "આમ ઉતાવળ ના કરીએ તો હારું. અને તમે ખરીદી તો કરો ને; એમાં મુરતની ક્યાં જરૂર છે?"

"ભાભી, જુઓ, મને ખબર છે મારા ભાઈએ ઘરમાં બધી ખરીદી કરી જ રાખી છે; એટલે તમને તો ચિંતા નથી, પણ પેલાં ન તો લગન જોવરાઈ જાય અને તારીખ નક્કી થઈ જાય એમાં રસ છે, કાચું હગું ખૂબ ખેંચાયું સ, એમ કેતાં'તાં. ભલે તમને કોઈ ચિંતા ના હોય. એટલે, હવ તમે ઉતાવળ થાય છે એની વાત તો કરતાં જ નહીં." ઉષાની બાબતમાં ભાઈ તો બોલતા નથી, પણ ભાભી જ કંઈક વધુ પડતું બોલે છે એમ માની મેનાં ભાભીને દબાવતી હોય એમ બોલી ગઈ.